શ્રી અંબિકોત્સવ આરાસુરમા.

સહસ્ત્ર ચંડી કૃત્ય.

રણછોડભાઇ રંગ મંડપે, માધુભાઇ મન હર્ષ;
અંબાધાર ચીનુભાઇ કરે, સહસ્ત્ર ચંડી આ વર્ષ.



છપાવી પ્રસિદ્ધ કરનાર.
સેવક દવે બાલાજી ભગવાનજી.
અમદાવાદ—"વિજયપ્રવર્તક" પ્રેસ.
સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

૬૪૪૦

શ્રી અંબિકોત્સવ આરાસુરમા.

સહસ્ર ચંડી કૃત્ય.

શાર્દુલ વિક્રિડ છંદ.

નમસ્કાર.

શ્રી અંબાચરણે નમી હરષથી, વાણી વદુ આ સમે,
ઉત્સાચંડી સહસ્ર આજ કરવા, વિપ્રો સહુને ગમે.
માધુભાઇ તણુંજ કાર્ય કરવા, પાર્રા મ આવ્યા હમે,
પૂજી પીઠ કુટુંબ કુશળથવા, બાલાજી આજે નમે.

રાગ હરદાસની દેશી.

ધનછે ચીનુભાઇ આજદીન, ધનછે ચીનુભાઈ.
ધનછે માધુભાઇ આજદીન, ધનછે માધુભાઇ.
ધનછે રણછોડભાઇ આજદીન, ધનછે રણછોડભાઇ. ટેક.
આરાસુરમાં આપ પધાર્યા, કુટુંબ સાથે ધાઇ. આજ૦ ૧
પીતા પીતા મહ પુન્ય શાળી છે, રણા છે ભુમાં ગવાઇ. આ૦ ૨

વરણવ કરતા પાર ન આવે, સહુ રહે એથી દબાઈ. આ૦ ૩
આરાસુરમાં આણંદ કરીયો, ગયાછે શોક સમાઇ. આ૦ ૪
શત બ્રાહ્મણનું વરણન કરીયું, દઇ માજીને વધાઇ. આ૦ ૫
સહસ્ત્રચંડીનો આરંભ કરીયો, અંતઃકરણથી સવાઇ. આ૦ ૬
માગસરમાસમાં સંગજ આવે, નીશાયે કરતા ભવઈ. આ૦ ૭
અવનવા ભોજન કરાવ્યા, વૃધની સરવે કમાઇ. આ૦ ૮
અંબા પ્રતાપે આપ સુખી છો, મોટી મહેર મંગાઇ. આ૦ ૯
વિપ્ર મંડપે આશીશ દેછે, બાલાજી ગુણલાગાઇ. આ૦ ૧૦

ભુજંગી છંદ.

નમુગં ગણેશં નમુ આધ પીઠે,
નમુ આધ આરાસુરી પૂર્ણ દીઠે;
ગીરી પૂર્ણ ચક્રેશ્વરીને નમે છે.
કરી પાઠ આશીશ વિપ્રોવદે છે. ૧
વળી લાવીયા વિપ્ર ઝાઝા શ્રી પારે,
કરો સહસ્ત્રચંડી આરાસુર દ્વારે;
કરી પૂર્ણ પાઠો પછીથી જમે છે,
કરી પાઠ આશીશ વિપ્રો વદે છે. ૨
ગુણ ગ્રાહી છે ચીનુભાઇજ પુત્ર,
રૂડા માધુ ભાઇ તણાએ સપુત્ર;
શતલાવીયા વિપ્ર પાઠો ભણે છે,

કરી પાઠ આશીશ્ર વિપ્રા વદે છે. ૩

ગુણાનુવાડવો ચાચરે દેખુ હાલ,
પ્રપિતા ચિનુના છે રણછોડ લાલ;
વળી આત્મ કૃતાર્થં પોતે કરે છે.,
કરી પાઠ આશીશ્ર વિપ્રો વદે છે. ૪

દેવી ડુંગર આવીને કાર્યં કીધાં,
પુજી પાદુકા ચર્ણું અમૃત પીધાં;
ઊત્સાથકી વેદ વિપ્રો ભણે છે,
કરી પાઠ આશીશ વિપ્રો વદે છે. ૫

અતી હર્ષંથી વિપ્રને ખુશ રાખો,
વીવાદો કરે વિપ્રતે મંન સાંખો;
વદે પાઠ તે વાડવો ના સુણે છે,
કરી પાઠ આશીશ વિપ્રા વદે છે. ૬

જોડી હસ્તને વિપ્રને માન આપે,
વદેવાણી અમૃત માજી પ્રતાપે;
સદા જે થવા માત ધ્યાને ધરે છે,
કરી પાઠ આશીશ વિપ્રો વદે છે. ૭

કૃપારૂપ જગદંબ જાણી વદુ છુ,
રહી મંડપે ધ્યાન માતુ ધરૂ છુ;
સહુ પાપ અંબા સુતોના હરે છે,
કરી પાઠ આશીશ વિપ્રો વદે છે, ૮

ભણુ શ્લોક હુ ચાચરે આવી આજે,

નમુ વિપ્ર અંબાને સર્વે બીરાજે;
કુડા કર્મથી સર્વદા એ ડરે છે,
કરી પાઠ આશીશ વિપ્રો વદે છે. ૯
ક્ષમા કીજીયે દાસને વાંણી ગાવુ,
નથી જાણતો કાવ્ય કૃત્યો નવા હુ;
સદા મહેર માજીથી બાલો ફરે છે,
કરી પાઠ આશીશ વિપ્રો વદે છે. ૧૦

ગરબી.

અલબેલીરે અંબે માત, જોવાને જઇએ. એ રાગ.
હળીગળીને વાડવ આજ, આશીશ સહુ દે છે;
આવી આરાસુર દરબાર, ચર્ણું જીવો એમ કહે છે. ટેક.
પ્રથમ ગણપતી અંબા સરસ્વતી, નમી નમી પાવલે લાગુ રે,
ગરબો ગાવા સાહ્ય મુજ થાવા, રસના વસો હુ માગુ. આ૦ ૧
ગાવુ ગરબા માત પ્રતાપે, નીભાવી મુજને લેજો રે,
સહસ્ત્ર ચંડીનો આરંભ ગાવા, મુજ વાંણી મારેજો. આ૦ ૨
સાઠોદરા નાગર માધુભાઇ, રણછોડભાઇના પુત્ર રે;
સહસ્ત્ર ચંડી આરાસુર કરવા, કર્યા ઊમંગ ધર સુત્ર. આ૦ ૩
સંવત ઓગણી બાવન ચાલે, રૂડો માગસર માસ રે;
પક્ષ સુકલને દ્વીતીયા રૂડી, વિપ્ર બોલાવ્યા પાસ. આ૦ ૪
રાજનગરમાં આમંત્રણ કરીને, રેલવે ઉપર તેડાવ્યા રે;

ટીકીટ કરાવી સામન તોળાવી, ગાડીમાં સર્વ બેસાડ્યા. આ૦ ૫
બેસાડી અગન ગાડીમાં, શત બ્રાહ્મણુને જોડે રે;
નીશા સરવે ગાળી ગાડીમાં, ઊતર્યા થોડે થોડે. આ૦ ૬
ઊતાર્યા ખરેડી ઇષ્ટેસન, ધરમશાળામાં રાખ્યા રે;
માધુભાઇયે પોતે આવી, સર્વ વિપ્રોને સંભાળ્યા. આ૦ ૭
પ્રાતસકાળે ત્રીજને દીવસે, સુખડી વિપ્રને આપી રે;
આરાસુરની વાટે પળ્યા સહુ, ઊમંગ દીલમાં વ્યાપી. આ૦ ૮
ઉંટ મંગાવી બોજો ભરાવ્યો, વિપ્ર પાસ લઇ સાથે રે;
છડી સવારીયે સહુ જન ચાલ્યા, હળીમળીને હાથે. આ૦ ૯
સાયંકાળે વિશ્રામ કીધો, આરાસુરમા આવી રે;
અંબા દરસણુથી આનંદ પામ્યા, રાખ્યા માએ નીભાવી. આ૦ ૧૦
ચતુર્થીયે ચર્ણું કમળમાં, રહ્યા રાતને દીન રે;
ઊપચાર સરવે તઇયાર કીધો, કરવા સર્વ સ્વાધીન. આ૦ ૧૧
આરાસુરમા આરંભ કીધો, સહસ્ત્ર ચંડીનો આપે રે;
સાઠોદરા મહાડમા ચીનુભાઇજી, વીધીથી પીઠો થાપે. આ૦ ૧૨
પુરણુ પંચમી વાર ગુરૂએ, આજ્ઞા અંબાની માગી રે;
સુકૃત કરવા પાપ પ્રજળવા, બેઠા મા ચર્ણું લાગી. આ૦ ૧૩
વિદ્ર જન મંડન અગ્ની હોત્રી, દામોદર ભટ આચાર્ય રે;
ચીનુભાઇ સહ પત્ની સાથે, કરવા બેઠા કાર્ય. આ૦ ૧૪
કેળ સ્થંભથી મંડપ રચીયો, વિપ્ર સરવને બોલાવ્યા રે.
સ્વસ્તીયાંન વેદ મંત્ર ભણીને, કુંમકુમ અક્ષત બોડાવ્યા. આ૦ ૧૫
સર્વ કુટુંબને ચાંલા કીધા, ઉમંગ ઊરના માય રે;

ગણપતી આદી પુજન કરીયા, સ્વસ્તી વાચન થાય. આ૦ ૧૬
વરણુન વિપ્રોનુ કરવા માંડયુ, પુગી ફળ લઇ હાથે રે;
ગોત્ર શર્મ અવટંક વીધીસર, બોલાવી વરીયા સાથે. આ૦ ૧૭
ચારે વેદના વિપ્ર બેસાડયા, મોઢના મહાડમા પ્રીતેરે;
ઉપચાર સરવે પાસ મંગાવી, પુજન કરવા રીતે. આ૦ ૧૮
માધુભાઇને ચીનુભાઇને, પત્ની મણીલક્ષ્મી સાથેરે;
મધુ પર્કનુ કર્મ આરંભ્યું, ચીનુભાઇયે હાથે. આ૦ ૧૯
આસન ગૌમુખી રૂદ્રાક્ષમાળા, આચમની ત્રાબઠ અર્ધ્યં;
જળ પાત્રનો લોટો મોટો, પાન પાત્ર ધય વસ્ત્ર. આ૦ ૨૦
ચંડી પાઠ અકેકો આપ્યો, સુવર્ણ મુદ્રીકા આપીરે;
કાસ્ય પાત્ર બે મધુ પર્કના, આપ્યા મંત્ર અલાપી. આ૦ ૨૧
કુર્ચ ગ્રહીને કર્મ ચલાવ્યું, મધુ પર્ક કર્મ કીધુરે;
આસન વિધી કરી હર્ષથી, ન્યાસ કરવા મન લીધુ; આ૦ ૨૨
ભુ શુધી ભુત શુધી કરીને, પ્રાણ પ્રતીષ્ટા કરીયાંરે;
અંતર માત્રીકાને બહી માત્રીકા, કરીને કર્મ આચરીયાં. આ૦ ૨૩
એકાદશ કળા ન્યાશ કરીને, પુજન વિપ્રના કરતારે;
ફુલચંદનાદી ગોદાન આપી, આરંભ કરવા વદતા આ૦ ૨૪
હવે વિપ્રોના નામ વદુછુ, ઉત્સા મનમાં લાવીરે;
ખેડના દેશો વિદ્દજનો સહુ, ગાવું શીશ નમાવી. આ૦ ૨૫
પીઠો પુજે પાત્ર આસનથી, વીધી પૂર્વક થાયરે;
ડભોઇના લાલશંકરની પતની, સુવાસીનીમાં પુજાય. આ૦ ૨૬
નામ તેનું જડાબજ કહીયે, ગુણે બહુ સુંદરરે;

બટુક કુમારીકા સાથ પુજાયે, રહયા તે દીવસ પંદર; આ૦ ૨૭
આદ્ય આચાર્ય દામોદર ભટજી, બ્રહ્મા છે ભાઇશંકરરે;
સદસ્થ ભાઇ મહારાજને કરીયા, ગાંણુ પત્ર દત્ત પ્રસાદ. આ૦ ૨૮
સર્વો પદષ્ટ જોશી ઉત્તમરામ, પદમ કુંડ કરાવ્યોરે;
યોની મેખલા સારી દીપે; સરવના મનમાં ભાવ્યો. આ૦ ૨૯
સર્વ વિપ્રના નામહુ કહુછુ, હેત કરી સાંભળજોરે;
નરનારી સહુ ગરબે ગાવા, મંડપે સરવે વળજો. આ૦ ૩૦
નરહર ભટજી બાળકૃષ્ણભટ ગોવીંદભટ કહેવાયરે;
મહાદેવ ભટ લક્ષ્મણ ભટ સાથે, કેસવ ભટ છે ત્યાંહ. આ૦ ૩૧
રામચંદ્રભટ ત્રિકમ ભટ છે, જનાર્દન જોશી ડાહ્યારે;
શાસ્ત્રીવાસુદેવ સાથ છે શાણા, એ દક્ષણી મંડળ ગાયા. આ૦ ૩૨
ભીખંભટ ગળામાં બોલે, યજુર્વેદ મંત્રી પુરા રે;
બીજા ભટજી ભદરમાં રે છે, તે પણ સ્વભાવે સુરા. આ૦ ૩૩
વડનગરા નાગર બ્રાહ્મણ છે, અલબેલા ઇશ્વરજીરે;
દાસનો દાસ અંબામાં પુજે, સાવણ સંગે બાલાજી. આ૦ ૩૩
ઇશ્વરરાયને શૈવ કલ્યાણજી, ગીરધર લાલ ગુણવંતારે;
હીરાલાલ પરિક્ષિત છે સાથે, અગ્ની હોત્રી રણછોડલાલ. આ૦ ૩૪
અંબાલાલ રાવળ અથર્વણી, શાસ્ત્રી અંબાલાલ બીજારે;
ડાહ્યાભાઇને મોતીરામ છે, ત્રિકમલાલને દેવશંકર: . આ૦ ૩૫
જીવતરામને મગનલાલ વળી, નટવરલાલને ધનસુખરે;
રણછોડજીને તોળાશંકર. દોલતરામ છે પ્રમુખ. આ૦ ૩૬
નવનીતરામને બાપુલાલ છે, રઘનાથજીને પ્રાણજીવનરે;

ડભોઇ ચાણોદ અમદાવાદના, ત્રણે નાગર જન. આ૦ ૩૭
ભવાંનીશંકર ને ગવરીશંકર, રેવાશંકર ને હરીશંકર રે;
હરીશંકર શુકલ છે બીજા, જગંનાથ રેવાશંકર. આ૦ ૩૮
રણછોડ છે વળી બીજા વાડવ, હરીનારાયણ કહીયે રે;
ભવાંનીશંકર ને વ્યાસ બુલાખી, શુકલ ગોરધન નામ લઇયે. આ૦ ૩૯
બાળક્રષ્ન ને મણીશંકર બે, ભાઇ શાણા કહેવાય રે;
દેવશંકર ને યજ્ઞેશ્વર એ, ચારે શાસ્ત્રી ગણાય. આ૦ ૪૦
દામોદર દવે જોશી ભાઇશંકર, રણછોડને પુરૂષોતમ રે;
રેવાશંકર ને પુરાંણી પરસોતમ, હરીશંકર શુકલ મંન. આ૦ ૪૧
હીમત દવે ને મણીશંકર છે, ત્રંબક દવે મગન જોશી રે;
હરીશંકર દવે શુકલ સોમનાથ,પ્રાણશંકર પુરાણી ભોદુ રૂષી.આ૦૪૨
શુકલ શીવશંકર છે નાહાના, પુરાંણી કાળીદાસ રે;
ભાનુશંકર પુરાંણી કહીયે, દુર્ગાશંકર જોશી ખાસ. આ૦ ૪૩
લક્ષ્મીશંકર ને લલુ શુકલ, હાથીશુકલ હરખાતા રે;
અંબાશંકર શુકલ હશીદે, નાથાશંકર શુકલ ચાહાતા. આ૦ ૪૪
પુરાંણી ગણપતરામ ગણાતા, પુરાંણી વજેશંકર રે;
પુરાંણી હરગોવીંદ હરખાતા, ત્રણે જોવા દીનકર. આ૦ ૪૫
એચર અંબાઇદાસની પાઠશાળા, વાળાશાસ્ત્રી આવ્યા રે;
અમરતરામ રૂડુ કામ કરે છે, સરવના મનમાં ભાવ્યા, આ૦ ૪૬
નારાયણ મેહેતા નોતરીયા મહાશંકર, પરભાશંકર શુકલ રે;
પુરૂષોતમ પુરાંણી પુરા, સોમનાથ છે શુકલ. આ૦ ૪૭
મગનલાલ શાસ્ત્રીને પુરાંણી, ભવાંનીશંકર શુકલ રે;

સોમનાથ શુકલ સાથે, પુરાણી ગંગાશંકર. આ૦ ૪૮
રેવાશંકર ને ત્રીભોવન જોશી, નરબદાશંકર શુકલ રે;
રૂપશંકર ને જોશી વલવરાંમ, પુરૂષોતમ વિદ્યાર્થી. આ૦ ૪૯
મંગળભાઈ પુજારી માના, મોહનભાઇ છે જોડે રે;
અંબા માની પુજા કરવા, વખત જોઇને દોડે. આ૦ ૫૦
નરભેરામ ને મહાશંકર છે, દલપત રૂષી કહેવાય રે;
માનસરોવરના બ્રહ્મચારી છે, તે પણ તેમાં ગણાય. આ૦ ૫૧
જોધપુરના ગોવીંદરામ છે, પીતા તેના સાથે રે;
પાઠના વિપ્રો શતઆ પુરા, વર્યાં છે માજી પ્રતાપે. આ૦ ૫૨
જપના બ્રાહ્મણ જુદા ગાવું, જપ તે ચાચરે કરતા રે;
ગણુપતી જપના સાંકળા મેહેતા, બટુકના મંછારામ. આ૦ ૫૩
દેવશંકર યોગીનીનો જપ કરતા, ખેમરામ ક્ષેત્રપાળ જપતા રે;
સર્વ વિપ્રોને ચીનુભાઇ માધુભાઇ, રણછોડભાઇ સહુ નમતારે. આ૦ ૫૪
આજ્ઞા આપે જેમ આચાર્ય, તેમ વિપ્ર સહુ કરતારે;
કર્મ કરીને મીષ્ટાંન જમતા, પછી ચાચરમાં ફરતા. આ૦ ૫૫
પતની સાથે અંબા પૂજતા, ચીનુભાઇ હરનીશરે;
પીઠો પુજી બ્રાહ્મણ પુજી, નમાવે સર્વને શીશ. આ૦ ૫૬
માધુભાઇ પણ પુજન કરતા, બ્રાહ્મણ સર્વને નમતા રે;
વિપ્ર સર્વનુ કર્મ જોઇને, શોક હઇયાના સમતા. આ૦ ૫૭
વ્રધ પીતાજી રણછોડલાલ છે, તે પણ શાંત સ્વરૂપરે;
અતી હર્ષથી વાંણી વદે છે, સદાયે અમૃત કુપ. આ૦ ૫૮
હટકેશ્વરનુ તેજ તપે છે. અંબાનુ પણ હેવું રે;

વિદ્ધ જનોને આજ વર્યા છે, તે શુ મુખથી કેવુ. આ૦ ૫૯
વિપ્ર જનોને વહાલ કરીને, આણુંદ સહુને રાખે રે;
શાસ્ત્ર ક્રીયાના વિવાદ સુણીને, સર્વના વચનો સાંખે. આ૦ ૬૦

ખાંનપાંન સહુ સાથને કરાવ્યા, નવા નવા નૈવેદથી રે;
સર્વ વિપ્રની રૂડી રીતથી, કોઇને નદે ખેદ. આ૦ ૬૧
વાડવ મળીયા વાણી વદે છે, ધનધન તમારી જાતરે;
ચીનુભાઈ માધુભાઇ કહીયે, રણછોડભાઇ પ્રખ્યાત. આ ૬૨
રાજનગરમાં સારી રીતો, રહીને નવનવી કીધીરે;
પાણી પાયા અન વસ્ત્ર અપાવ્યા, આશીશ સહુએ દીધી. આ૦ ૬૩

અનાથ જનને બ્રાહ્મણ ઉપર, કરૂણા મનથી રહે છે રે;
દુ:ખીયાના દુ:ખ આભવ ટાળવા, અંત:કરણમાં કહેછે. આ૦ ૬૪
કૃત્ય તમારા શહુ વખાણે, કહેતા આવે ન પાર રે;
આપને જોઇ સહુ હર્ષ કરે છે, વૃધ બાળ નરનાર, આ૦ ૬૫
કારભારી પણ તેવાજ રાખ્યા, જેમ મોતીના દાણા રે;
કોઇ આશીશ દે કોઇ ખુશી થાય, કોઇ ગાય છે ગાણા, આ૦ ૬૬
ઝવેરીલાલ ઝવેરનો દાણો, કામમાં તતખર રહેતારે;
વાંણી મીઠી વદે વાસુદેવ, કેસવજીને સહુ કહેતા, આ૦ ૬૭
ઇશ્વરજી આણુંદમાં રહે છે, હળીમળીને ચાલે રે;
આરાસુરમાં મગ્ન થઈને, ચકુ દલસુખ બટ મહાલે. આ૦ ૬૮

જમાદાર શિવરતન શાણા, ચોકી સારી કરતા રે;
નોકર ચાકર સંપ રાખીને, સર્વને રાજી કરતા. આ૦ ૬૯
ગુણ ગાયા છે સર્વજનોના, આરાસુરમાં આવી રે;

૬૫૦૨

રાવબહાદુરને કરૂ વીનતી, રાખજો મુજને નીભાવી; આ૦ ૭૦
હુ અમદાવાદ માહે રહુ છુ, અંબામાજી પ્રતાપે રે;
મુજને તેડયો આરાસુરમાં, માધુભાઇયે આપે. આ૦ ૭૧
વડનગરો હુ નાગર બ્રાહ્મણ, સહુ સેવકનો દાસરે;
સાષ્ટાંગ નમી અંબાને પારે, બાલાજી ગાય પાસ. આ૦ ૭૨

રાગ ગરબો સાખીની દેશી.

ગાડી આવી ગુજરાત, અગનકેરી ગાડી રે આવી એ રાગ.

આણંદ હેલી આજ, આરાસુરમ આણંદ હેલી.
શત બ્રાહ્મણ કરતા પાઠ, આરાસુરમ આણંદ હેલી.
દેવ નગરી પુરીનો ઠાઠ, આરાસુરમ આણંદ હેલી. ટેક.
સરસ્વતીને વીનવી, ગણપતી લાગુ પાય;
આજ્ઞા લઇ અંબા તણી, શીશ નામીને ગુણલા ગવાય. આરા૦ ૧
અવસર રૂડો આવીયો, સુદ બીજ ને માગસર માસ;
શત બ્રાહ્મણ માધુભાઇ લાવીયા, દેવી આરાસુર નીવાસ. આરા૦ ૨
પાંચમે પ્રારંભ કીજીયો, ચાચર ચોકે મધ્ય;
આચાર્ય દામોદર ભટજી કર્યા, પુત્ર ચીનુભાઇયે સઘ. આરા૦ ૩
પ્રાતસકાળ વરણ કર્યું, મધુપર્કાદી સાથ;
અલંકાર સરવે આપીને, પુજી વિપ્રોને જોડયા હાથ. આ૦ ૪
પીઠો પુજન આરંભીયુ, બહુ વિધ કરી ઉપચાર;
પાત્રા સાદન સ્થાપન કરી, વેદ મંત્રો ભણે બહુવાર. આ૦ ૫

પાઠનો ક્રમ અલાપીયો, તે કરૂછુ હુ વિખ્યાત;
વિપ્રને આજ્ઞા આપી છે, કરવાને ઉઠીને પ્રભાત. આ૦ ૬

પાઠ છઠે એક આરંભીયો, હજારચાર જપ થાય;
હજારત્રણ જપ સાતમે, ચંડી પાઠ તે બબે ભણાય. આ૦ ૭
ત્રણ ત્રણ પાઠ અષ્ટમીયે કરી, હજાર બે જપે જાપ;
ચચારપાઠ નવમીયે કરે, હજાર એક જપે વિપ્રમાળ. આ૦ ૮
દશમીયે હોમ આરંભીયો, આરાસુરી સનમુખ;

અષ્ટ કમળદળ કુંડથી. ચીતુભાઇ કરે ત્યાગી દુઃખ. આરા૦ ૯
ગ્રહ હોમ કર્યો ઘૃત ભાતથી. અષ્ટ સમીધ લઇ હાથ;
શીવા અગ્ની પ્રજળાવીયો, દામાભટજી ને વિપ્રો સાથ. આરા૦ ૧૦
એકાદશીયે હોમ ચાલીયો, પાઠ આવૃતી એક;
પંચદશ વિપ્ર બેસાડીને, ત્રણ પાઠ હોમે રાખી ટેક. આરા૦ ૧૧

હતી બીજી એકાદશી, કરીયો હોમ એજ રીત;
ઘૃત દ્રવ્ય સર્વ હોમીયું, રાખી વિપ્રોયે સારી પ્રીત. આરા૦ ૧૨
દ્વાદશીયે દસ વિપ્રથી, હોમ કર્યો પાઠ એક;
પુરણ શત પાઠ હોમીયા, પછી જપનો કર્યો વિવેક. આરા૦ ૧૩
મૂળ મંત્ર જપ હોમ ચાલીયો, આવૃતી કરી ત્રણ ત્રણ;
પંચ દસ વિપ્ર બેસાડીને, હોમ ભણીને સહુ જણ. આ૦ ૧૪

સહસ્ત્ર આહુતી જપતણી, કરી તેરશને દીન;
ઉમંગ થયો પૂર્ણાહુતીનો, સહુ થયા છે તેમાં પ્રવીણ. આ૦ ૧૫
પાયસ ઘૃતના હોમથી, સ્થાપીત દેવ હોમાય;
મધ્યાન ચતુરદશી દીનમાં, પુર્ણાહુતીનું મૂર્ત્ત સધાય. આ૦ ૧૬

રાવબહાદુર રણછોડ ભાઇ આવીયા, માધુભાઇ છે સાથ.
શ્રીફળ ચુદડી આચાર્યે ગ્રહી, ચીનુભાઇયે અરાડયો હાથ. આ૦ ૧૭
માતુશ્રી ચીનુભાઇના, સુત્ર રેવાબા છે પાસ;
પત્ની મણીલક્ષ્મી સાથ છે, ઉભા સનમુખ માજી પ્રતાપ. આ૦ ૧૮

ચારો વેદ ભણાય છે, શબ્દ ગગનમાં જાય;
ઘૃત ધારા ચાલી રહી, ત્યાતો માતુની મંગળ ગાય. આરા૦ ૧૯
અરપણ કીધુ અગ્નીને, શ્રીફળ ચુદડી સ્વાહાકાર;
ભેરભુગળ ડંકા વાગીયા, તે સમે થયો જેજેકાર. આરા૦ ૨૦

કપુર આરતી ત્યા કરી, ભણી વેદના મંત્ર;
મંત્ર પુષ્પાંજળી કરી રહ્યા, પછી સમાપ્ત કીધો તંત્ર. આરા૦ ૨૧
આશીર વચન વિપ્રો વદે, ચારે વેદ ભણી મુખ;
ધર્મ અર્થ કામ મોક્ષથી, અક્ષત અર્પે કુટુંબ થાવાસુખ. આરા૦ ૨૨
ઊતર પુજન કર્યું માતનુ, આસીકા લીધી શીશ;
સાષ્ટાંગ નમીયા જગદંબને, સંવત ઓગણીબાવન દીસ. આરા૦ ૨૩

કુટુંબ સાથ રણછોડભાઇજી, અતી થયા છે મગન.
આણંદ થયો જન સર્વને, ધન ધન આજુનો દીન. આરા૦ ૨૪
પૂર્ણી માયે પુજન કરી, દક્ષણા વિપ્રને દીધ.
આશીર વચન દે વિપ્ર સહુ, થસે મનની કામના સીધ. આરા ૨૫
બ્રહ્મ ભોજન સહસ્ત્ર કરાવીયુ, પોચ્યા મનના કોડ;
સર્વ મળી આશીસ દે, રહેજો અખંડ કુટુંબની જોડ. આરા૦ ૨૬

એકમે રહ્યા મંડપે, વિપ્ર કુટુંબ સહુ સાથ;
ભોજન કરાવ્યા સંઘમાં, વિપ્ર સઘળાને જૈને પાસ. આરા૦ ૨૭

બીજે પ્રાતસકાળમા, રસોઇ કરાવી તતકાળ;
અંબા પાદુકા પુજીને, નૈવેદ ધરાવી થાળ. આરા૦ ૨૮
હુકમ કર્યો કારભારી સીપાઇને, ચાકર સરવે સમુદાય;
ઊંટ ઘોડા પ્યાદલ તેડાવીયા, સર્વે સામન કર્યો છે વદાય. આરા૦ ૨૯
આભુષણ અંગે ધરી, ગયા અંબા સનમુખ;
પાયે પડી દ્રવ્ય મુકીયુ, શીસ નમાવી માગ્યું સુખ. આરા૦ ૩૦
પુરણ પીઠ પુજારી છે, રણછોડભાઇ ગુણી જંન.
પાસે ગયા કુટુંબ તેડીને, યાત્રા પુરણ કરવા પાવન. આરા૦ ૩૧
કંકુ પીળી હાથા દીજીયા, આણંદ મન ઉલ્લાસ;
ત્રણસે રૂપૈયા કર લઈ, મુકયા રણછોડ ભટજીની પાસ. આરા૦ ૩૨
બ્રહ્મ ભાટ ચારણ સરવને, વળી સીપાઇ ચોપદાર;
માલણ જમાદાર પાટવી, નગારજીને થાણદાર. આરા૦ ૩૩
શીખ આપી આ સર્વને, ખુશી કર્યા સહુના મંન;
મહોબંતસીંહની આજ્ઞા લઈ, સર્વ પળાય આવવા ભુવન. આરા૦ ૩૪
આણંદ મયથી આવીયા, અમદાવાદ સહુ ઘેર;
અંબા માવડીના પ્રતાપથી, નીર્વિઘ્ન થઇ ગઇ લીલાલહેર. આરા૦ ૩૫
ધનછે કારભારીયો સર્વને, ધન છે તમારી જાત;
માધુભાઇની સાથ આવીને, મન દઇને કરીયુ કાજ. આરા૦ ૩૬
આ ગરબો સહુ ગાઇને, કરીયે અંબાને પ્રણામ;
એકવાર સહુ જન બોલજો, જેજે અંબા કહીને નામ. આરા૦ ૩૭
દાસનો દાસ ગુણ ગાય છે, દેહના દુ:ખ સમાય;
પ્રણામ કરુ આ કર્મને, જેથી મન વાંચ્છીત ફળ થાય. આ૦ ૩૮

અમદાવાદમા હુ રહુ, વડનગરો નાગર જાત;
કુળ દેવી અંબેમાત છે, ગણપતી હટકેશ્વરતાત. આ૦ ૩૯
બાલો વહાલો કરી માનજો, સહુ સેવકનો દાસ;
કરજોડીને વીનવે. ગાવા ગરબાને રહેવા પાસ. આ૦ ૪૦

ગરબી. રાગ પીળુ.

આરાસુરીરે, અકળકળા ન કળાણી. એ રાગ.

ધનધન છેરે, રણછોડભાઇ છો શાણા, રૂડા પુન્યજશાળી ગણાણા,
રાજનગરમારે, વાસી આપ જણાણા, તમે હર્ષથી કીધા બહુ ટાણા;
નાગર સાઠોદરા જ્ઞાતીરે, બુધીસાગર સરવે ગણાતીરે,
નામલેવાઘટેછેપ્રભાતી, વિખ્યાતીરે, થઇ તે સરવે જણાણા. રૂડા૦ ૧
આ કાયારે, યોગી પ્રસાદે પામ્યા, વિપ્રમંડળને તમો નામ્યા,
શરણાં ગતરે, થયા તે દુઃખજ વામ્યા, ઘણા ગુણ તમારા જામ્યા;
યોગી વચન થયા છે સિધરે, પૂર્ણ પામ્યા છો નવ નીધરે,
કાર્ય અનાથના સર્વ કીધરે, પૂર્ણ પુન્યેરે,આપો અંનવસ્ત્રદાણારૂડા૦૨
આરાસુરરે, ઓછવ રૂડો કીધો, સહસ્ત્ર ચંડી કરી લાવ લીધો.
નથી મા દુરરે, પુજી પાદુકાંમ્રતરસ પીધો, તેથી મનનોમનોરથ સીધો;
પૌત્ર ચીનુભાઇછે ડાહ્યારે, આરાસુરમાં ગુણ ગવડાવ્યારે,
સહુ વિપ્રોનામનમાંભાવ્યારે,માકુખજાયારે, કામરૂડેખરચ્યો નાણારૂડા૦૩
માધુભાઇરે, પુરણ દીશે પ્રેમી, ખટ્ કર્મના એ છે નેમી;
સુખશાઇરે, રેવાબા બહુ કામી, મણીલક્ષ્મી વહુ સુખ પામી.

કાર્ય દામોદર ભટથી કરાવ્યારે, રાજ દાંતેથી આજ તેડાવ્યારે;
સર્વ જનોના મનમાંભાવ્યારે, વિપ્રઆશીશરે, દેબાલોગાઇ ગાણા. રૂડા. ૪

શ્રી જગદંબા પ્રસન્નોસ્તુ.

શ્રી જગદંબાર્પણમસ્તુ.



જાહેર ખબર.

નીચેના પુસ્તકો રોકડી કીંમતે નીચેને ઠેકાણેથી મળશે.

૧ શ્રી અંબિકેંદુશેખર કાવ્ય, જેમાં સરવે દેવીઓનાજ ગરબા ગાયન સ્ત્રી પુરૂષોને ગાવા જેવા ભરપુર ચાળીસ ફેરમાનું પુસ્તક છે. કી. રૂ ૧) ટપાલ ૨ આના.

૧ દેવીદર્શન. કી. ૧ આનો.

૧ રૂદ્રી વેદોક્ત શિવપુજન સાથે નમક ચમકની. કી. રૂ ૦ા

૧ પુરાણોક્ત રૂદ્રી નમક ચમકની પુજન સાથે. કી.૨ આના.

૧ રૂગ્વેદ શાંખાયન આન્હીક કી. રૂ ૦ા

૧ મંગળા અષ્ટક સંગ્રહ કી. ૧ આનો.

૧ સુર્યપુર અંબીકા મહાત્મ્ય કી. ૧ આનો.

મળવાનું ઠેકાણું અમદાવાદમાં ગુસાપારેખની પોળમાં.

દવે. બાલાજી ભગવાનજીને ત્યાંથી રોકડી કીમતે મળશે.

બીજું વોરા કેસરપ્રસાદ મોતીનાથને ત્યાંથી સાંકડીશેરી લાખાપટેલની પોળમાં.

સુરત મધ્યેથી શ્રી અંબાજી માતાના દેહેરામાંથી.
પુજારી વિષ્ણુશંકર હરીશંકરને ત્યાંથી મળશે.